**નવસારી મનપાની 50 બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર આપે 27 બેઠક પર ઉમેદવારી નોંધાવી**

# ભાજપ-કોંગ્રેસ-આપનો ત્રિપાંખિયો જંગ

## આજે ફોર્મ ખેંચાયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

**ફોર્મ** ભરવાના છેલ્લે દિવસે ત્રણેય પક્ષોએ શક્તિ પ્રદર્શન સાથે મેદાનમાં ઝંપલાવ્યું

**જિ.પં.ની** 3, તાલુકાની 12 અને પાલિકાની 3 બેઠકો ઉપરાંત મનપાની 2 બેઠકો ભાજપે બિનહરીફ જીતી

નવસારી : નવસારી જિલ્લામાં મનપા, પાલિકા તેમજ જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીને લઈને રાજકીય પારો ઊંચાઈએ પહોંચી ગયો છે. ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લે દિવસે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) ત્રણેય પક્ષોએ શક્તિ પ્રદર્શન સાથે મેદાનમાં ઝંપલાવ્યું હતું, જેના કારણે શહેરમાં ચૂંટણીનો જુસ્સો છલકાયો હતો.

જિલ્લા પંચાયતની 3, તાલુકાની 12 અને પાલિકાની 3 બેઠકો ઉપરાંત મનપાની 2 બેઠકો ભાજપે બિનહરીફ રીતે જીતતા શરૂઆતમાં જ રાજકીય હલચલ મચી છે. નવસારી મનપાની બાકી 50 બેઠકો પર ભાજપ અને કોંગ્રેસે સીધી ટક્કર ઉભી કરી છે, જ્યારે આપે 27 બેઠકો પર ઉમેદવારી નોંધાવી ચૂંટણીને ત્રિપાંખિયો બનાવ્યો છે.

ટિકિટ વહેંચણી અંતિમ ક્ષણે થતા આંતરિક અસંતોષને દબાવવાનો પ્રયાસ થયો હતો, છતાં કેટલાક દાવેદારોમાં નારાજગી ખુલ્લેઆમ સામે આવી છે. શનિવારે ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં ફોર્મ ભરવા પહોંચતા શહેરના રાજમાર્ગો પર રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચી ગયો હતો. આગામી દિવસોમાં પ્રચાર તેજ બનતા નવસારીમાં આ ત્રિપાંખિયો જંગ વધુ જોરદાર અને રસપ્રદ બનવાનો છે.

### કપરાડા-નાનાપોંઢા તાલુકામાં ભાજપ કોંગ્રેસમાં હોદ્દા મેળવી ચૂકેલા નેતાઓ ફરી ચૂંટણી જંગમાં આવતા કાર્યકરોમાં નારાજગી

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્રકો ખેંચવાના દિવસે સોમવારે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે ત્યારે વલસાડ જિલ્લામાં વિશેષ કરી ધરમપુર, કપરાડા, નાનાપોંઢા તાલુકામાં કેટલીક બેઠકો ઉપર ભાજપ માટે જાહેર કરાયેલી ઉમેદવાર પસંદગી માથાનો દુખાવો સાબિત થઈ છે. વર્ષોથી પક્ષ માટે જાન રેડી દેનાર અને ખુરશીઓ ઉંચકવા સુધીની કામ ગીરી કરનારા કાર્યકરો ટિકિટ દાવેદારી કરે સમજી શકાય તેવી બાબત છે. પરંતુ વર્ષોથી સંગઠનમાં, જિલ્લા, તાલુકાઓમાં, સરપંચ તરીકે એમ અલગ અલગ પદો ઉપર રહેવા છતાં હોદ્દેદારો પોતે ઊભા રહ્યા છે એ જોતા જિલ્લામાં ભાજપ દ્વારા બનાવેલા નિયમોનો ઉલાળિયો થઈ રહ્યો છે, તેવું વાતાવરણ ઊભું થઈ રહ્યું છે. આ બધામાં સૌથી નોંધનીય બાબત એ ઉજાગર થઈ રહી છે કે, આ બધા જૂના જોગીઓને મોટા ગજાના નેતાઓ, મોટા હોદ્દેદારો જ સહયોગ આપી રહ્યા હોવાનું ખુદ કાર્યકરોમાં ગણગણાટ ઊભો થઈ રહ્યો છે. ત્યારે હવે આજે ચૂંટણી જંગ સ્પષ્ટ થયા બાદ નારાજ કાર્યકરોને નેતાઓ કેવી રીતે મનાવશે એ જોવું

### કોંગ્રેસમાં પણ નારાજગી જોવા મળી

કોંગ્રેસમાં પણ પરિસ્થિતિ કઈક સારી નથી. સૌથી ચર્ચાસપદ અંભેટી જિલ્લા પંચાયત બેઠક ઉપર કોંગ્રેસના આગેવાન વસંત પટેલના પુત્રને ટિકિટ ફાળવતા કાર્યકરોમાં નારાજગી છે. તો કેટલીક બેઠકો ઉપર સ્થાનિક કાર્યકરોને વિશ્વાસમાં લીધા વગર બેઠકો ફાળવી દેતા કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે. કોંગ્રેસના આગેવાનોમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલ નાનાપોંઢા તા. પં. બેઠક, એમના પત્ની પૂર્વ તા. પં. સભ્ય કલ્પનાબેન જી. પં. નાનાપોંઢા બેઠક ઉપર ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી છે. તો વિવાદ બાદ સુખાલા તા. પં. બેઠક ઉપર પ્રદેશ આગેવાન અને પૂર્વ તા. પં. સભ્ય કુંજાલી પટેલ ચૂંટણી લડી રહ્યા છે.

### કપરાડા-નાનાપોંઢામાં ભાજપના નેતાઓ કઈ બેઠક ઉપર

કપરાડામાં સિલધા જિ. પં. બેઠક ઉપર માજી તાલુકા પંચાયત પ્રમુખ હીરા માહલા, મેઘવાળ ઉપર જિ.પં. સભ્ય તરીકે સતત ત્રીજી ટર્મ લડી રહેલા ભગવાન બાતરી, આસલોણા બેઠક ઉપર તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય સીતારામ ચૌધરી, કપરાડા જિ.પં.બેઠક ઉપર માજી જિ.પં.સભ્ય ચંદર ગાયકવાડ, નાનાપોંઢા જિ. પં. બેઠક ઉપર જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રમતુ ચૌધરીના પત્ની દક્ષાબેન ચૌધરીને જ્યારે કોંગ્રેસ આગેવાન દશમા ધનગરિયા ભાજપમાં આવ્યા બાદ એમની પુત્રવધુને માંડવા જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપે ઉમેદવાર બનાવ્યા છે.

### પારડી પાલિકાના પૂર્વ ઉપપ્રમુખનું હૃદય રોગના હુમલાથી અવસાન



પારડી : પારડી નગર પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ ઉમેશ પટેલને રવિવારે એટેક આવતા તેઓ અવસાન પામ્યા હતાં. ઉમેશ પટેલનું હૃદયરોગના હુમલામાં મૃત્યુ પામતા પારડીમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. તેમની સ્મશાનયાત્રામાં રાજકીય, વકીલો, ડોક્ટરો, પાલિકાના સભ્યો જોડાયા હતાં. પુત્રી જેનિશા પટેલે પિતાને અગ્નિ સંસ્કાર આપ્યો હતો જ્યારે નાની પુત્રી જાનવી પટેલે વધુ અભ્યાસ માટે લંડન છે. કનુભાઈ દેસાઈ સ્ટેડિયમમાં શુક્રવારના રોજ સાંજે ઉમેશભાઈ પટેલે તેમના પરિવાર ભાઈઓ સાથે સ્વ.પાર્વતીબેન અને પિતા રમેશભાઈ પટેલના સ્મરણાર્થે ક્રિકેટ ટુર્નામેન્ટની ટ્રોફી સ્પોન્સર કરવામાં આવી હતી. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન ધર્મેશ માલીની ટીમે દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ આજરોજ રવિવારના રાત્રે રમાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ઉમેશભાઈ પટેલના અવસાનથી આયોજક તેમજ ક્રિકેટ પ્રેમીઓમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. તેઓ છેલ્લા બે દિવસથી રાત્રિ ક્રિકેટ ખેલાડીઓને પ્રોત્સાહન માટે સતત હાજરી આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં ટ્રક ડ્રેનેજના ઢાંકણમાં ફસાઈ ગઇ




નવસારી: વિજલપોરના ભક્તિનગર નાકા વિસ્તારમાં આજે સવારે પીક અવર્સ દરમિયાન અચાનક ટ્રાફિક જામ સર્જાયો હતો, જ્યારે એક ભારે માલવાહક ટ્રક ડ્રેનેજના નબળા ઢાંકણમાં ફસાઈ ગઇ હતી. ટ્રકનું પાછળનું ટાયર ઢાંકણ તૂટી જતા અંદર ધસી ગયું અને વાહન રસ્તાની વચ્ચે જ અટકી પડતાં વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. લગભગ એક કલાક સુધી ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ રહી હતી, જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતા જ સ્થળ પર જેસીબી મશીન બોલાવવામાં આવ્યું હતું અને ભારે જહેમત બાદ ટ્રકને બહાર કાઢવામાં આવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાઈપલાઈન કામ દરમિયાન યોગ્ય પુરાણ ન થતા અને ઢાંકણ મજબૂત ન હોવાને કારણે આ ઘટના બની હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

### વાપીની બિલ્ડિંગમાં લીફ્ટનો દરવાજો ખુલ્યો અને વૃદ્ધનું પટકાતા મોત

વાપી : વાપી જીઆઈડીસી હરિયા હોસ્પિટલ રોડ નજીકમાં નિર્મલ બિલ્ડીંગ આવેલી છે. જેમાં કેટલાક ફૂલછોડની કામગીરી માટે આવેલા પૈકી એક વૃદ્ધ બીજા માળેથી લીફ્ટ મારફત નીચે ઉતરવા ગયા હતાં. તેણે લીફ્ટનો દરવાજો ખોલી અંદર જવાનો પ્રયાસ કરતા જ નીચે પટકાયો હતો. જો કે, તે સમયે બિલ્ડીંગના રહીશો અજાણ હતાં. આ ઘટના શુક્રવારના રોજ બની હતી. બીજે દિવસે શનિવારના રોજ ગ્રાઉન્ડ ફ્લોરમાંથી તીવ્ર દુર્ગંધ ફેલાઈ હતી અને આ અંગેની જાણ પોલીસને કરવામાં આવી હતી. પોલીસ ટીમ આવી પહોંચી હતી અને બિલ્ડીંગમાં લગાવેલા સીસીટીવી કેમેરાની ચકાસણી કરતા આખો મામલો બહાર આવ્યો હતો. લીફ્ટ ચોથા માળે હતી અને બીજા માળની લીફ્ટનો દરવાજો ખુલ્યો હતો અને આ ઘટના ઘટી હતી. પોલીસ દ્વારા લાશનો કબજો લઈ અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો.

### ચોખડ પાસે ગોડાઉનમાં ભીષણ આગ ભભૂકી



નવસારી: નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં વેસ્મા-મરોલી સ્ટેટ હાઈવે નજીક ચોખડ ગામની સીમમાં આવેલ ગોડાઉનમાં અચાનક આગ લાગતા વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. પ્લાસ્ટિક અને કપાસનો જથ્થો સંગ્રહિત હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી અને ધુમાડાના ગોટાળા દૂર સુધી જોવા મળ્યા હતા. સ્થાનિક લોકોએ શરૂઆતમાં આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્વાળાઓ વધતા તરત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જાણ મળતા જ ફાયર બ્રિગેડની ટીમ બે ફાયર ટેન્ડર સાથે દોડી આવી અને ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. ગોડાઉન નજીક રહેણાંક વિસ્તાર હોવાને કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો, પરંતુ સમયસર કામગીરીથી જાનહાનિ ટળી ગઈ હતી. આ આગમાં માલસામાનને મોટું નુકસાન થયું હોવાનું અનુમાન છે. હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલુ છે.

### વલસાડમાં 24 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

વલસાડ : વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને બળાત્કારના ગંભીર ગુનામાં છેલ્લા 24 વર્ષથી ફરાર રહેલો આરોપી ઝડપાયો હોવાનું પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને CID ક્રાઇમ અને રેલ્વે વિભાગના માર્ગદર્શન હેઠળ ખાસ અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત ખૂન, લૂંટ, અપહરણ, પોક્સો સહિતના ગંભીર ગુનાઓમાં ફરાર આરોપીઓને ઝડપવા પોલીસ ટીમો કાર્યરત હતી. તે જ અનુસંધાને વલસાડ એલસીબીની ટીમને ખાનગી બાતમીના આધારે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના નોંધાયેલા ગુનામાં સંડોવાયેલા આરોપી અંગે માહિતી મળી હતી. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે આરોપી ગુનાના સમયે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર હતો. પોલીસે તેને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઉમરગામ GIDCની કંપનીમાં આગ લાગી


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ GIDCમાં આવેલી મેડિકલ ઇન્સ્ટ્રુમેન્ટ બનાવતી કંપનીના કમ્પાઉન્ડમાં રાખેલા રોમટીરીયલ વેસ્ટમાં આગ લાગતા અફરા તફરી મચી ગઈ હતી. પ્રાપ્ત સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ જીઆઈડીસીમાં આવેલી સોમનાથ ઓર્થો કેર નામની કંપનીમાં કેમ્પસમાં રાખવામાં આવેલા રોમટીરીયલ વેસ્ટમાં કોઈક કારણસર આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. જાણ થતા જ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદનસીબે આગમાં કોઈ મોટું નુકસાન કે જાનહાનિ થવા પામેલી નથી.

### નવસારીમાં તરણકુંડના ચેન્જિંગ રૂમમાંથી દાગીના ચોરાયા

નવસારી : નવસારી શહેરમાં આવેલ સ્વામી વિવેકાનંદ તરણકુંડ ખાતે ચેન્જિંગ રૂમમાંથી સોનાનું મંગળસૂત્ર ચોરી જવાના બનાવે ચકચાર મચાવી છે. આ મામલે નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, જલાલપોર તાલુકાના નિવાસી વિભૂતિબેન નિકુંજકુમાર પટેલ તા. 7 એપ્રિલ 2026ના રોજ સાંજે અંદાજે 6:30 થી 7:30 દરમિયાન સ્વામી વિવેકાનંદ તરણકુંડ ખાતે ગયા હતા. તે સમયે તેમણે ચેન્જિંગ રૂમમાં પોતાના પર્સમાં સોનાનું મંગળસૂત્ર મુક્યું હતું. આ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે તકનો લાભ લઈ અંદાજે 1 તોલા વજનનું, આશરે રૂપિયા 80,000 કિંમતનું મંગળસૂત્ર ચોરી કરી લઈ જતા ફરીયાદ નોંધાઈ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. કેસની તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.એ. ચૌહાણ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

### પોલીસને ચકમો આપતો આરોપી ઝડપાયો



નવસારી : ક્રાઈમ બ્રાન્ચે દારુબંધીના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસને આંખમાં ધૂળ નાખતા ફરાર આરોપીને આખરે ઝડપી લીધો છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે સુરત જિલ્લાના બારડોલી તાલુકાના સરભોણ વિસ્તારમાં ચોક્કસ પ્લાનિંગ સાથે દરોડો પાડી અરવિંદભાઈ છીતુભાઈ ચૌધરી (ઉ.વ.40) ને તેના ઘરેથી જ કાબૂમાં લીધો હતો. આરોપી વિરુદ્ધ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો અને તે વર્ષ 2025થી ફરાર રહી પોલીસને પડકારતો હતો. LCBની ચુસ્ત નજર અને ઝડપી એક્શનના કારણે આખરે આરોપી કાયદાની જાળમાં ફસાયો છે. હાલ તેની સામે વધુ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

## ધરમપુરના ખોબામાં 'રોડ નહીં તો વોટ નહીં' ના બેનર લાગ્યાં

**ખોબા** ગામમાં માર્ગ સુવિધાના અભાવે ગ્રામજનો રસ્તા પર ઉતરી આવ્યા, ચૂંટણી બહિષ્કારનો સંકલ્પ કર્યો



આસીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકાના ખોબા ગામમાં માર્ગ સુવિધાના અભાવે ગ્રામજનોએ 'રોડ નહીં તો વોટ નહીં'ના બેનર સાથે ચૂંટણી બહિષ્કાર કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, ખોબા ગામથી ધરમપુર આવવા માટે સીધો માર્ગ ઉપલબ્ધ નથી. ગ્રામજનોને ફરજિયાત ખપાટિયા ગામ મારફતે જવું પડે છે. ખોબાથી ખપાટિયા સુધીનું અંદાજે સાત કિલોમીટરનું અંતર અત્યંત ખરાબ અને જર્જરિત છે, જેના કારણે રોજિંદા જીવનમાં ભારે મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. ગામ લોકોએ જણાવ્યું હતું કે, માર્ગની નબળી સ્થિતિને કારણે આરોગ્ય સેવાઓ સુધી પહોંચવામાં અડચણ ઊભી થાય છે. સિરિયસ દર્દીને દવાખાને લઇ જવું પણ મુશ્કેલ બની જાય છે. શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ માર્ગના નિર્માણ માટે વર્ષ 2023માં મંજૂરી મળ્યા છતાં કામ શરૂ કરવામાં આવ્યું ન હોવાનું ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો. ચૂંટણી બહિષ્કારના બેનર સાથે રોડ પર ઉતરી આવેલ આક્રોશિત ગ્રામજનોએ ચેતવણી આપી છે કે, જો ચૂંટણી પહેલાં માર્ગનું કામ શરૂ નહીં થાય તો તેઓ મતદાનથી દૂર રહેશે. સાથે જ આવનારી દરેક ચૂંટણીનો પણ બહિષ્કાર કરવાની ચીમકી આપી હતી. ચૂંટણીના સમયમાં ઉઠેલા આ પ્રશ્નને લઈ તંત્ર દોડતું થયું છે.

## પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ચૂંટણી બહિષ્કારના લાગ્યા બેનરો

**પીપલગભણ** ગામમાં અગાઉ લાગેલા બેનરો અજાણ્યા તત્વોએ હટાવી લીધા બાદ, ગ્રામજનોએ ફરીથી બેનરો લગાવી વિરોધ પ્રદર્શન કર્યું



ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી તાલુકાના પીપલગભણ ગામમાં જનતાનો આક્રોશ જોવા મળી રહ્યો છે. વર્ષો જૂની પાયાની સમસ્યાઓ ન ઉકેલાતા સ્થાનિકોએ એકસૂરે ચૂંટણી બહિષ્કારનું એલાન કર્યું છે. અગાઉ લાગેલા બેનરો કોઈ અજાણ્યા તત્વોએ હટાવી લીધા બાદ, ગ્રામજનોએ ફરીથી બેનરો લગાવી વિરોધ પ્રદર્શન તેજ કર્યું છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે અનેક સરકારી યોજનાઓ માત્ર કાગળ પર જ રહી છે.

બેનરમાં જણાવ્યા મુજબ જુદી જુદી યોજનાઓના લાભો મળે ત્યાં સુધી ચૂંટણી પ્રચાર કરવા આવવું નહીં જેમાં ગામની ૧૦ માંથી ૫ ટાંકીઓ દ્વારા હજુ સુધી નળથી પાણી મળ્યું નથી.

વડ ફળિયા, ગણપત મહોલ્લા અને ગોડાઉન ફળિયામાં રજૂઆતો છતાં મિની ટાંકીઓ રિપેર કરાઈ નથી. 'નલ સે જલ' યોજનાનું કામ નબળું હોવાથી સ્કૂલ અને આસપાસના વિસ્તારોમાં બે વર્ષથી પાણી પહોંચ્યું નથી. વર્ષ ૨૦૧૪માં શૌચાલયના ફોર્મ ભરનાર ૧૬૬ લાભાર્થીઓના ખાતામાં હજુ સુધી સહાય જમા થઈ નથી. તેમજ વર્ષ ૨૦૧૮થી આવાસ યોજના હેઠળ કેટલાને મંજૂરી મળી તેની કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. માતૃવંદના યોજનામાં વર્ષ ૨૦૨૦માં ભરેલા ૬૩ ફોર્મ છતાં કોઈને લાભ મળ્યો નથી. ઉપરાંત, ૨૦૨૩માં ફાળવાયેલી સ્ટ્રીટ લાઈટો હજુ સુધી લાગી નથી. વડ ફળિયામાં બોક્સ ગટરનું ખાતમુહૂર્ત થયા બાદ કામ અટકી પડ્યું છે. આ સાથે દેસાઈવાડ લિંક રોડ સહિતના માર્ગો બનાવવાની માંગ ઉઠી છે.

## ઈરાન યુદ્ધમાં ફસાયેલા વલસાડ-નવસારીના માછીમારો વતન પહોંચ્યા

**સાંસદ** ધવલ પટેલની સક્રિયતા અને સરકારના પગલાંથી અમે સહી સલામત વતન આવી શક્યા : માછીમારો



વલસાડ, નવસારી : ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે સર્જાયેલી યુદ્ધ જેવી ભયાવહ પરિસ્થિતિમાં ઈરાનમાં રોજગારી અર્થે ગયેલા નવસારી અને વલસાડ જિલ્લાના માછીમારો ત્યાં ફસાઈ ગયા હતાં. જેમને વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલની સક્રિયતા અને કેન્દ્ર-રાજ્ય સરકારના સંકલનથી આ માછીમારોને વતન પરત લાવવામાં મોટી સફળતા મળી છે. વતન આવી પહોંચેલા માછીમારોએ સાંસદ સહિત તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, નવસારી અને વલસાડ જિલ્લાના અનેક માછીમારો ઈરાનમાં માછીમારીના વ્યવસાય અર્થે ગયા હતાં. ત્યાં અચાનક ફાટી નીકળેલા યુદ્ધના માહોલને કારણે તેઓ ત્યાં ફસાઈ ગયા હતા અને તેમના પરિવારો ચિંતાતુર બન્યા હતાં. માછીમારોના પરિવારજનોએ વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલની રૂબરૂ મુલાકાત લઈ, તેમના સ્વજનોને સુરક્ષિત પરત લાવવા રજૂઆત કરી હતી. આ બાબતની ગંભીરતા સમજી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, વિદેશમંત્રી એસ. જયશંકર, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો હતો અને રાજદ્વારી સ્તરે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. પરિણામે, ઈરાનમાં ફસાયેલા માછીમારોને સુરક્ષિત રીતે ભારત પરત લાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે જ્યારે આ માછીમારો પોતાના ઘરે પરત ફર્યા છે, ત્યારે તેમના પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને તેમણે સાંસદ સહિત ગુજરાત અને ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

### મોગરાવાડીમાં ટ્રેક્ટર પલટી જતા વૃધ્ધ ખેડૂતનું મોત

ઘેજ : મોગરાવાડી ગામે ટ્રેક્ટર પલ્ટી મારી જતા વૃધ્ધ ખેડૂતનું તબીબી સારવાર પૂર્વે જ મોત નીપજ્યું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના આમધરા મોટી કોળીવાડ ખાતે રહેતા સુરેશ બાલુભાઈ પટેલ (ઉ.વ-૬૪) રૂમલાના મોગરાવાડી ગામે રમેશ ડાહ્યાભાઈ પટેલના ખેતરમાં ટ્રેક્ટર નં-જીજે-૨૧-એએચ-૩૧૩૭ ને રિવર્સ મારતા સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા પલ્ટી મારી ગયુ હતુ. જેમાં ટ્રેક્ટર નીચે આવી જતા ૧૦૮ ની મદદે સારવાર અર્થે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ અંગેની ફરિયાદ મરનારના પુત્ર પૂનમ પટેલ (રહે.આમધરા મોટી કોળીવાડ) એ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ-આર.એન.વાડલે કરી રહ્યા છે.

## આગ લાગી પણ ફાયર ફાઈટરની બ્રેક ફેઈલ થતાં તંત્રની પોલ ખુલી

**પાલિકા** તંત્રની લાપરવાહીને કારણે ગરીબ પરિવારને આર્થિક ફટકો પડ્યો

ધરમપુર : ધરમપુર નગરના દાતાર ફળિયામાં બપોરે મકાનમાં આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં પાલિકા તંત્રની લાપરવાહી અને સાધનોની જર્જરિત હાલતને કારણે ગરીબ પરિવારને આર્થિક ફટકો પડ્યો છે.

દાતાર ફળિયામાં રહેતા મકસુદ શેખના ઘરમાં આગ લાગતા વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતુ. સ્થાનિકોએ પાલિકાના ફાયર વિભાગને જાણ કરી હતી, પરંતુ તંત્રની નિષ્ક્રિયતા સામે આવી હતી. જ્યારે ફાયર બ્રિગેડની ગાડી ઘટનાસ્થળે પહોંચવા રવાના થઈ, ત્યારે રસ્તામાં જ બ્રેક ફેઈલ થઈ ગઈ અને અધવચ્ચે જ બંધ પડી જતાં ફાયર ફાઈટરો પહોંચી શક્યા નહોતા. અંતે મોડી પહોંચેલી મદદને કારણે મકાનની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. પાલિકાની ખખડધજ ફાયર ગાડી બંધ પડી જતાં લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. કોંગ્રેસ લઘુમતી મોર્ચાના પ્રમુખ ફહીમ બાહનાન સહિતના હોદ્દેદારો અને સ્થાનિક નગરજનોએ સોશિયલ મીડિયાના માધ્યમથી શાસક પક્ષ સામે આકરા પ્રહારો કર્યા હતા. લોકોએ આક્ષેપ કર્યો હતો કે પાલિકાની બેદરકારીને કારણે આજે એક પરિવારે પોતાની મૂડી ગુમાવવી પડી છે. આ ઘટનાએ પાલિકાના મેઈન્ટેનન્સ અને સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે.

## રશિયા જવાના સપના જોનાર યુવક સાથે રૂપિયા 50 હજારની છેતરપિંડી

**ટિકિટના** નામે નાણાં પડાવ્યા અને વાપાની ઓફિસને તાળા મારી ભાગી ગયા

વાપી : વિદેશ જઈને ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની ઘેલછામાં અનેક નિર્દોષ લોકો ઠગ ટોળકીનો શિકાર બનતા હોય છે. આવો જ એક કિસ્સો વાપીમાં સામે આવ્યો છે, જ્યાં બિહારના એક શ્રમિક યુવકને રશિયા મોકલવાના બહાને રૂ. 50 હજારનો ચૂનો ચોપડવામાં આવ્યો છે. આ મામલે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

બિહારના પશુપાલન નિર્દેશાલયમાં મજૂરી કામ કરતા રવિન્દ્ર છોટેલાલ શાહને રશિયા જવાની ઈચ્છા હતી. તેમના એક મિત્રએ વાપી GIDC સ્થિત 'સનરાઈઝ ઈન્ટરનેશનલ' એજન્સીનો સંપર્ક કરવા જણાવ્યું હતું. દરમિયાન, રવિન્દ્રના વોટ્સએપ પર વિદેશ જનારા લોકોની યાદી અને આકર્ષક પગારના મેસેજ આવતા તેમને વિશ્વાસ બેઠો હતો.

એજન્સીમાંથી અનન્યા રાવત નામની મહિલાએ રવિન્દ્ર સાથે હિન્દીમાં વાત કરી લાલચ આપી હતી કે, અન્ય એજન્સીઓ લાખો રૂપિયા લે છે, પરંતુ અમે ડાયરેક્ટ કોન્ટેક્ટ હોવાથી માત્ર રૂ. 60 થી 65 હજારમાં કામ કરી આપીશું. રવિન્દ્રએ વિશ્વાસ કરી પોતાનો અસલ પાસપોર્ટ કુરિયર દ્વારા વાપી મોકલી આપ્યો હતો. થોડા દિવસો બાદ ઠગબાજોએ વોટ્સએપ પર ડમી વિઝા મોકલી રવિન્દ્રનો વિશ્વાસ જીતી લીધો હતો.

વિઝા તૈયાર થઈ ગયા હોવાનું કહીને પ્લેનની ટિકિટના નામે રવિન્દ્ર પાસેથી ગૂગલ પે દ્વારા રૂપિયા 50,000 પડાવી લેવામાં આવ્યા હતા. જ્યારે રવિન્દ્રએ મુંબઈ આવવા માટે ટ્રેનની ટિકિટ માંગી, ત્યારે ઠગબાજોએ પટનાથી પ્લેનમાં આવવાનું કહી વાત ટાળી દીધી હતી. શંકા જતાં રવિન્દ્ર વાપી રૂબરૂ પહોંચ્યા, ત્યારે એજન્સીની ઓફિસને તાળાં લટકેલા હતા અને અનન્યા રાવતનો ફોન પણ બંધ હતો.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા રવિન્દ્ર શાહે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ગુનામાં અનન્યા રાવત, હરી નારાયણ શર્મા (ઓફિસ ભાડે રાખનાર) અને કનૈયાકુમાર સિંગ (બેંક ખાતાધારક, ગાઝિયાબાદ) સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વાંસદાના ઘોડમાળ ગામમાં ડ્રોનની મદદથી ગાંજાની ખેતી પકડાઈ

**ઘોડમાળ** ગામે રૂપિયા 1.73 લાખના 94 ગાંજાના છોડ ખેતરમાંથી મળી આવ્યા

વાંસદા : નવસારી એસ.ઓ.જી. ટીમે વાંસદાના ઘોડમાળ ગામે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી ખેતરમાં ગેરકાયદે રીતે વાવવામાં આવેલા ગાંજાના છોડ ઝડપી પાડ્યા છે. આ મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે અને બીજ આપનાર અન્ય એક યુવકને વોન્ટેડ જાહેર કર્યો છે.

મહારાષ્ટ્ર સરહદ પરના ગામોમાં નવસારી એસ.ઓ.જી. પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન બાતમીના આધારે પોલીસે ઘોડમાળ ગામમાં શંકરભાઈ ભગરિયાના ખેતરમાં ડ્રોન ઉડાડી નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન ખેતરના શેઢા પર માટીના પાળા બનાવી સંતાડેલા ગાંજાના છોડ હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે સ્થળ પર દરોડો પાડી ખેતી કરનાર મનીષ શંકરભાઈ ભગરિયા (ઉં.વ. ૨૬) ના કબજામાંથી ગાંજાના 94 છોડ (વજન: ૩.૧૨૫ કિગ્રા) કિંમત ૧,૭૬,૨૫૦ સાથે મોબાઈલ ફોન સહિત કુલ ૧,૮૧,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, વાંસદાના જયકિશન ચોક વિસ્તારમાં રહેતા જય રાજુભાઈ પંડિતે આ ખેતી માટે ગાંજાના બીજ પૂરા પાડ્યા હતા. પોલીસે જય પંડિતને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે. જોકે પકડાયેલા આરોપીએ આ ગાંજો પોતાના વપરાશ માટે હોવાનું જણાવ્યું હતું, પરંતુ આટલી મોટી સંખ્યામાં છોડ મળી આવતા આ માલ વેચાણ અર્થે હોવાની પૂરેપૂરી શક્યતા છે.